વરાછાની હીરાની પેઢીમાંથી દલાલે ૪ કરોડના લેબગ્રોન ડાયમંડ ખરીદી હાથ ઊંચા કરી દીધા

સુરત, તા.૬

વરાછા મીનીબજાર નજીક હીરા પન્ના બિલ્ડિંગમાં ડાયમંડ પેઢીમાંથી મહિધરપુરાના હીરા દલાલે 3.94 કરોડના લેબગ્રોન હીરા ખરીદ્યા બાદ પેમેન્ટ નહિ ચુકવી હાથ ઊંચા કરી દીધા હતા. ઠગબાજ દલાલે આપેલા સાત ચેક રિર્ટન થતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. આખરે હીરા દલાલે ફોન ઉપાડવાનું બંધ કરી દેતા ભોગ બનનાર હીરા વેપારીએ પોલીસ ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

વરાછા પોલીસે જણાવ્યું હતું કે, કલ્પેશ કનુભાઈ મોણપરા (રહે. મોટા વરાછા, સુદામા ચોક, એસીબી સર્કલ મીર હોમ્સ સર્જન બંગ્લોઝ) મીનીહજાર, હીરાપન્ના બિલ્ડિંગમાં હીરાનો ધંધો કરે છે. દરમિયાન હીરાદલાલ ઉદયના મારફતે પાંચા ઉર્ફે પંકજ નારણ શીગડ (રહે. સત્યમ શીવમ સુંદરમ એપાર્ટમેન્ટ, દાદા ભગવાન રોડ, નંદસાડ ગામ, કામરેજ) સાથે ઓળખાણ થઈ હતી. પાંચા ઉર્ફે પંકજે પોતે મહિધરપુરા નાગર શેરી ગણપતિ મંદિરની સામે દરબાર હાઉસમાં હનીયા જેમ્સના નામથી ઓફિસ રાખી મોટાપાયે પોલીશ્ડ લેબગ્રોન ડાયમંડનો ધંધો કરે છે માર્કેટમાં સારુ નામ છે, સારી પાર્ટીઓ છે જે સમયસર પેમેન્ટ કરી આપે છે. તમે મારી સાથે ધંધો કરશો તો ફાયદામાં રહેશો તેવુ કહી પાંચા ઉર્ફે પંકજે કલ્પેશ મોણપરાનો વિશ્વાસ હાંસલ કર્યો હતો. કલ્પેશ મોણપરાએએ શરૂઆતમાં રેઈનબો ડાયમંડ પેઢીમાં થોડો હીરા દલાલી માટે આપ્યા હતા. જેનું પંકજે સમયસર પેમેન્ટ કરાવી આપ્યુ હતું. ત્યારબાદ લેબગ્રોન ડાયમંડની વધારે ડીમાન્ડ છે કહી પંકજે ગત 28 જુનથી 19 જુલાઈ 2023 સુધીમાં ટુકડે ટુકડે કરી કુલ્લે ડાયમંડનો માલ ખરીદ્યો હતો.

માર્કેટના ધારાધોરણ પ્રમાણે નક્કી કરેલા સમયમાં પંકજ શીગડએ 3.93 કરોડનું પેમેન્ટ નહી કરી કરતા કલ્પેશ મોણપરાએ ઉઘરાણી શરૂ કરી હતી. શરૂઆતમાં વાયદાઓ આપી સમય પસાર કર્યો હતો. ત્યારબાદ મીટીંગ કરી માર્કેટમાંથી પેમેન્ટ આવવાનું બાકી છે થોડો સમય આપો તમને પેમેન્ટ કરાવી દઈશ કહી તેની હનીયા જેમ્સના બેન્કના ખાતામાં બેલેન્સ ન હોવા છતાંયે અલગ અલગ રકમના સાત ચેકો લખી આપ્યા હતા. કલ્પેશ મોણપરાએ ખાતામાં ચેક જમા કરતા તમામ રિર્ટન થયા હતા. ત્યારબાદ ઉઘરાણી કરતા પંકજ શીગડે ફોન ઉપાડવવાના બંધ કરી દીધુ હતું. આખરે કલ્પેશ મોણપરાએ વરાછા પોલીસમાં ફરિયાદ નોધાવી હતી.

વેપારી કલ્પેશ મોણપરાનો વિશ્વાસ કેળવી ટુકડે ટુકડે ડાયમંડ ખરીદી પાંચા ઉર્ફે પંકજ શીગડે ઠગાઈ કરી, આપેલા ચેક પણ રિર્ટન થયા

કલેક્ટરનો ખોટો હુકમ બનાવી ઓલપાડની જમીન પચાવી પાડવાના કેસમાં કચ્છના હરેશ સાધુના જામીન રદ્દ કરાયા

સુરતઃ કલેકટર કચેરીનો ખોટો હુકમ બનાવી ઓલપાડની જમીન પચાવી પાડવાના પ્રકરણમાં હરેશકુમાર સાધુના આગોતરા જામીન સુરત કોર્ટે રદ કર્યા હતા. સરકારી વકીલ ભરતસિંહ ચાવડાએ દલીલો કરી હતી.

ઓલપાડ તાલુકાના સોંસક ગામમાં મંજુ રાઠોડની માલિકીની જમીન આવી છે. મંજુબેનની જમીન છળકપટથી હડપ કરવા કચ્છ ભુજના હરેશ ડાયાલાલ સાધુ અને કતારગામના દલસુખ નારોલા સહિતની ટોળકીએ કાવતરું ઘડ્યું હતું. આરોપીઓએ મંજુબેનની જમીનની વેચાણ પરવાનગી આપતો કલેક્ટર કચેરીનો ખોટો હુકમ બનાવ્યો હતો અને ઓલપાડ મામલતદાર કચેરી ખાતે તેને ખરા તરીકે રજૂ કર્યો હતો. ત્યારબાદ મંજુબેનની ૭૩- એએ નિયંત્રિત સત્તા પ્રકારવાળી જમીનના માલિક અનુસૂચિત જનજાતિના હોવાનું જાણવા છતાં ખોટો દસ્તાવેજ બનાવી ખરા તરીકે ટોળકીએ ઉપયોગ કર્યો હતો. જેથી મામલતદાર કચેરીના અધિકારીએ આ ટોળકી વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં આરોપી હરેશ સાધુએ આગોતરા જામીન અરજી કરી હતી

સચિન જીઆઈડીસીમાં કાપડ વેપારી સાથે દોઢ કરોડની ઠગાઈમાં દલાલના જામીન નામંજૂર

સુરતઃ સચિન જીઆઈડીસી સ્થિત શ્યામ ક્રીએશન તથા કેશર ક્રીએશનના કાપડ વેપારી સાથે દોઢ કરોડની ઠગાઈમાં સંડોવાયેલા દલાલ સંજય મહેશ્વરીના જામીન કોર્ટે રદ કર્યા હતા. મૂળ ફરિયાદીના વકીલ કિશન જે પારેખના જણાવ્યા અનુસાર સચિન જીઆઈડીસી ખાતે શ્યામ ક્રીએશન તથા કેશર ક્રીએશન નામથી કાપડનો વેપાર કરતા સુરેશ હરી રાખોલીયા પાસેથી શીલ્પા એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાયટર મંજુદેવી નેનરામ જાટ તથા ટી.આર. માર્કેટીંગના પ્રોપ્રાયટર નવિન ઉર્ફે નેનારામ રામનિવાસ જાટએ કાપડ દલાલ સંજય મહેશ્વરી મારફતે ઉધાર માલ મંગાવ્યો હતો. પરંતુ પેમેન્ટ નહીં ચૂકવી સુરેશભાઈ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનામાં દલાલ સંજય સોહનલાલ મહેશ્વરીની ભૂમિકા પણ સામે આવતા પોલીસે તેની ધરપકડ કરી હતી. આરોપી સંજય મહેશ્વરીએ જામીન મુક્ત થવા અરજી કરી હતી. આ જામીન અરજીની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે એપીપી વી.એલ ફળદુ તેમજ મૂળ ફરિયાદીના એડવોકેટ કિશન જે પારેખએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો

સુરત ભાજપના કોર્પોરેટર સાથે એક કરોડની છેતરપિંડીમાં જમીન દલાલ જામીનમુક્ત

સુરત : આણંદ જિલ્લામાં ગુરૂકુળ અને સ્વામિનારાયણ મંદિર બનાવવાના બહાને ભાજપના કોર્પોરેટર સાથે ૧ કરોડથી વધુની છેતરપિંડી કરવાના કેસમાં જમીન દલાલ મૌલિક પરમારના જામીન સુરત સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા. બચાવ પક્ષે વકીલ નદીમ ચૌધરીએ દલીલો કરી હતી સ્વામિનારાયણ સંપ્રદાયના જે.કે. સ્વામી(જયકૃષ્ણદાસ)એ અન્ય આરોપીઓ સાથે મળીને આણંદના રીંઝા ગામે સ્વામિનારાયણ મંદિર અને ગુરુકુળ બનાવવા માટે 700 વીઘા જમીન ખરીદવાના બહાને ભાજપના કોર્પોરેટર હિમાંશુ રાઉલજી(ભટાર,સુરત) પાસેથી ૧ કરોડથી વધુની રકમ પડાવી હતી. સુરત ક્રાઈમ બ્રાંચમાં જે.કે. સ્વામી સહિતના આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં પોલીસે જમીનદલાલ મૌલિક હસમુખ પરમારની ધરપકડ કરી હતી. મૌલિકે ફેસબુકના માધ્યમથી કોર્પોરેટર હિમાંશુ રાઉલજીનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ હિમાંશુ રાઉલજી સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો. આરોપી મૌલિક પરમાર તરફે વકીલ નદીમ ઈસ્માઈલ ચૌધરીએ દલીલો કરી હતી કે આરોપીએ સમગ્ર ગુનામાં કોઈ આર્થિક લાભ મેળવ્યો નથી. જીપીઆઈડીની કલમ-૨ અને ૩ના તત્વો અરજદાર ઉપર લાગુ પડતા નથી.

ખ્વાજીદાના દરગાહનાં મુંજાવરનાં દીકરા પાસે ૧ લાખની ખંડણી કેસમાં આરોપીનાં જામીન મંજૂર

સુરતઃ ગોપીપુરા હઝરત ખ્વાજાદાના દરગાહની સામે રહેતા હુશનોદીન ઉર્ફે રાજા કમરુદીન સૈયદે નવસર્જન ટ્રસ્ટના પ્રમુખ યુસુફ રસુલ પઠાણ, માયદા હોટલના માલિક રહેમાન મોહસીન શેખ અને આબિદખાન ઉર્ફે બેગારી પઠાણ સામે અઠવા પોલીસ સ્ટેશનમાં ખંડણીની ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ સામે તહોમત હતી કે મિત્રતામાં રાજાએ રહેમાનને ઓલપાડનો બંગલો રહેવા માટે આપ્યો હતો. પરંતુ રહેમાને બંગલા ઉપર ગેરકાયદે કબજો કરી લેતા તેની સામે લેન્ડ ગ્રબિંગનો ગુનો નોંધાયો હતો. આ મામલે રહેમાનના ઓળખીતા નવસર્જન ટ્રસ્ટના પ્રમુખ યુસુફ પઠાણે રાજાને સમાધાન કરી લેવા કહ્યું હતુ. પરંતુ રાજાએ રહેમાન સાથે સમાધાન કરવાની ના પાડતા યુસુફ અને રહેમાને રાજાને જોઈ લેવાની ધમકી આપી હતી. બીજી તરફ રાજા વિરુદ્ધ મુંબઈની એક યુવતીએ છેડતીની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ યુસુફ પઠાણ અને તેના મિત્ર આબીદ બેગારીએ સોશિયલ મીડિયા ઉપર છેડતી બાબતે રાજાને બદનામ કર્યો હતો. ત્યારબાદ બીજી મહિલાઓને મોકલી તારા વિરુદ્ધ ખોટી ફરિયાદ દાખલ કરવાની ધમકી આપી 1 લાખ રૂપિયાની ખંડણી માગતા રાજાએ ડરના 1 લાખ આપ્યા હતા. આ તોડકાંડમાં વકીલ નદીમ ચૌધરી મારફતે આરોપી રહેમાને જામીન અરજી કરતા કોર્ટે તેના જામીન મંજુર કર્યા હતા.

મહાકાલેશ્વર સાલાસર હનુમાન સેવા ટ્રસ્ટના કાર્યાલયનું ઉદઘાટન કરાયું

સુરતઃ મહાકાલેશ્વર સાલાસર હનુમાન સેવા ટ્રસ્ટના કાર્યાલયના ઉદઘાટન વેળા ઉજ્જૈન મહાકાલ મંદિરના મુખ્ય પૂજારી પ્રદીપ ગુરુદેવે જણાવ્યું હતું કે, મહાકાલ અને સાલાસર મંદિર માટે સચિન પલસાણા રોડ પર 9.50 વીઘા જમીનનો વિશાળ પ્લોટ પસંદ કરવામાં આવ્યો છે. જેમાં બીજ રોપ્યા પછી, તે ધીમે ધીમે વડના ઝાડનો આકાર લેશે. સાલાસર ધામના પંડિત અનુજ મહારાજે જણાવ્યું હતું કે ઉજ્જૈન મહાકાલ અને સાલાસર ધામ સંગઠન બાબાના મંદિરના નિર્માણ માટે સંપૂર્ણ સમર્પણ સાથે સંકળાયેલા છે, બંને મંદિરો પોતાનામાં ભવ્ય છે અને અમે સુરતમાં પણ આવું જ કંઈક કરવાની કલ્પના કરી છે. ટ્રસ્ટના સ્થાપક સત્યનારાયણ ગોયલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, બધા ધાર્મિક-પ્રેમી ભાઈઓએ સંગઠનમાં જોડાઈને પુણ્યનો ભાગ બનવું જોઈએ. ટ્રસ્ટના ચેનસુક ઝાંવર અને પવન ચાંદે જણાવ્યું હતું કે કાર્યાલયનું ઉદ્ઘાટન પ્રદીપ ગુરુદેવ અને અનુજ પૂજારી દ્વારા કરવામાં આવ્યું હતું.

HDFC BANK HDFC Bank Ltd.

કબ્જા નોટીસ

૨૦૧-૨૦૪, રીધ્ધી શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેરની સામે, અડાજણ-હજીરા રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯. ફોન: ૦૨૬૧-૪૧૪૧૨૧૨

આથી એચડીએફસી બેંક લીમીટેડ (અગાઉ એચડીએફસી લીમીટેડ જેનું તા.૧૭મી માર્ચ ૨૦૨૩ના રોજ માનનીય NCLT- મુંબઈ દ્વારા મંજૂર કરાયેલ એકીકરણ યોજના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથેના જોડાણ થયા મુજબ) (એચડીએફસી) ના અધિકૃત અધિકારી હોવાથી સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (જે કાયદો)ના અને કલમ ૧૩ (૧૨)ના નિયમ 3 અન્વયે મળેલી સત્તાની રૂએ તથા કલમ ૧૩(૨) હેઠળ કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓ લોનની બાકી પડતી લેણી જે નીચે મુજબ તેઓના નામ સામે જણાવેલ છે તે સહીત પુરેપુરી લોનની ભરપાઈ કરવા ૬૦ દિવસની ડીમાન્ડ નોટીસ પાઠવી હતી. તદઉપરાંત લોનની ચૂકવણી/વસુલાતની તારીખ સુધી લાગુ પડતુ ભવિષ્યનું વ્યાજ,ઈન્સીડેન્શીયલ એકસ્પેન્સ,ખર્ચા/ચાર્જીસ વગેરે સહિતની રકમ ભરપાઈ કરવાની રહેશે.

ક્રમ નં.	કરજદારો/કાયદાકીય વારસદારો અને કાયદાકીય પ્રતિનીધીઓના નામ	તારીખના રોજ ચુકવવાના બાકી લેણા રૂા.	ડિમાન્ડ નોટિસની તારીખ	કબ્જાની તારીખ/ પ્રત્યક્ષ/સાંકેતિક	સ્થાવર મિલકત/તો સીકયોર્ડ એસેટસ્ નું વર્ણન.
૧.	શ્રી અયૈયા હિમ્મતભાઈ લવજુભાઈ (કરજદાર), શ્રી અયૈયા ચિરાગભાઈ હિમ્મતભાઈ (સહ-કરજદાર), શ્રીમતિ અયૈયા ભારતીબેન (સહ-કરજદાર) ૧૮૩૧૬-૭૦૧૯૯૨૧૪૯, ૬૯૨૦૬૩૬૭૫	રૂા.૧,૦૨,૬૮૪/- રૂા.૩૪,૮૦,૬૧૧/- ૩૦-સપ્ટે.-૨૦૨૪ ના રોજ	૦૬-નવેમ્બર-૨૦૨૪	પ્રત્યક્ષ કબ્જો ૦૬/૦૩/૨૦૨૫	ફ્લેટ નં. ૫૦૧, સંગમ હાઈટ્સ, વિંગ- ડી, રેવન્યુ સર્વે નં. ૧૩૮/૧/૧, ૧૩૮/૧/૨, ફાઈનલ પ્લોટ નં. ૧૬૦/એ, ટી.પી.-૫૧, (ડભોલી), ટેકરા ફળિયું, ડભોલી બીઆરટીએસ, ડભોલી- જહાંગીરપુરા બ્રિજ, ડભોલી, સુરત-૩૯૫૦૦૪.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને આ સાથે નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ ઓર્ડીનેન્સ એકટની કલમ ૧૩(૪) ને સદરહુ નિયમોના નિયમ ૮ અન્વયે એચડીએફસી ના અધિકૃત અધિકારીને મળેલી સત્તાની રૂએ અહીં અત્રે ઉપર જણાવેલી મિલકતનો સાંકેતિક / પ્રત્યક્ષ કબ્જો લીધો છે.

આથી કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ અને જાહેર જનતાને જાહેર ચેતવણી આપવામાં આવે છે કે તેમણે સદરહુ સ્થાવર મિલકત / સલામત મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહી અને કોઈપણ વ્યવહાર એચડીએફસી ના બાકી પડતા લેણાં અને તેના પરના ભવિષ્યના વ્યાજ રકમની વસુલાતને પાત્ર રહેશે.

અહી કરજદાર/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ નું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

કરજદારો/કાયદાકીય વારસદારો/કાયદાકીય પ્રતિનીધીઓ પંચનામાની છોપી અને સામગ્રીઓની યાદી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી પાસે ઓફિસના કામકાજના દિવસો અને કામકાજના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી.

તારીખ: ૦૬/૦૩/૨૦૨૫ સ્થળ: સુરત.

એચડીએફસી બેંક લીમીટેડ વતી, અધિકૃત અધિકારી.

Regd. Office: HDFC Bank House, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai – 400013.

ADITYA BIRLA CAPITAL

આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ઈન્ડિયન રેયોન કંપાઉન્ડ,વેરાવળ,ગુજરાત - ૩૬૨૨૬૬

સુરત બ્રાન્ચ ઓફિસ -ત્રીજા માળે, ઓફિસ નં.૨૦૩ થી ૨૧૧, માઈલસ્ટોન ક્રીએટા, ટીજુબી સર્કલની નજીક, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯

૧. એબીએચએફએલ : અધિકૃત અધિકારી શ્રી પ્રદેલ નરેન્દ્ર, સંપર્ક : ૯૦૦૯૯૬૩૨૩, શ્રી સિદ્ધાર્થ કોઠડીયા, સંપર્ક: ૯૧૯૮૨૪ ૮૦૦૯૯૦

૨. ઓકશન સર્વિસ પ્રોવાઈડર (એએસપી):- મે. ઈ પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિ. (ઓકશન ટાઈગર) શ્રીરામ શર્મા, સંપર્ક નં.૮૦૦૦૦૨૩૨૦૧ અને ૦૨૬૧૫૧૬૨૮૧૦

સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૮(૬)અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ - ઓકશન નોટીસ

આથી નીચે સહી કરનાર **આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ** સલામત ધિરાણકારના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલી સુરક્ષિત મિલકતોનો કબજો દેવાદારોને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨(સરફાયેસી) હેઠળની ડિમાન્ડ નોટીસ બાદ લીધો હતો દેવાદારો રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી તેમને ખાસ અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે નીચે જણાવેલ મિલ **આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ** ના તાબામાં બાકી લેણી રકમ સામે છે.જેનું વેચાણ ઓકશનથી 'જે છે જયાં છે''જે છે તે છે' અને 'ત્યાં જે કંઈ છે'ના ધોરણે કરવામાં આવનાર છે.

અ. નં.	દેવાદારો અને સહ દેવાદારોના નામ	ગીરો મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	અનામત કિંમત	ઈએમડી	ઈએમડીની છેલ્લી તારીખ	નિરીક્ષણની તારીખ અને સમય	ઈ-ઓકશન તારીખ ની તારીખ
1.	અમિત અરજણભાઈ ખતરોજ, સુમિત્રાદેવી મોહનદાસ વૈષ્ણવ	તમામ ખંડ કે અખંડિત ભાગની સ્થાવર મિલકત પ્લોટ નં.૧૯૪, ક્ષેત્રફળ ૪૮ ચો.વાર અથવા ૪૦.૧૮ ચો મી સાથે ૨૪.૬૮ ચો.મી. આરાધના પ્લેટીનમ વિભાગ-૨ની રોડ અને સીસીપીની અવિભાજિત જમીનનો ભાગ, પેપર મીલની તામે, ગંગાદરા રેલવે સ્ટેશન નજીક, રે.સ.નં.૩૪૧, બ્લોક નં.૪૬૩ મોજે ગામ ઉમરાળ, તા.બારડોલી, જિ.સુરત, ગુજરાત -૩૯૪૩૧૦ **ચતુઃસીમાઃ પૂર્વેઃ** લાગુ પ્લોટ નં.૧૬૪, **પશ્ચિમેઃ** સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તરેઃ** લાગુ પ્લોટ નં.૧૯૩, **દક્ષિણેઃ** લાગુ પ્લોટ નં.૧૯૫	Rs. 8,89,079.12/- (રૂપિયા આઠ લાખ નેવ્યાંસી હજાર ઓગણ્યાંસી અને બાર પૈસાપુરા)	INR 5,50,000/- (રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા)	INR 55,000/- (રૂપિયા પંચાવન હજાર પુરા)	28-03-2025	27-03-2025 સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૪.૦૦ દરમિયાન	29-03-2025
2.	મોહન રામદાસ અને સુમિત્રાદેવી મોહનદાસ વૈષ્ણવ	તમામ ખંડ કે અખંડિત ભાગની સ્થાવર મિલકત પ્લોટ નં. ૪૪, ક્ષેત્રફળ ૬૨ ચો.વાર અથવા ૬૦.૨૮ ચો.મી. અથવા ૬૪૮ ચો.ફૂટની સાથે ૩૭.૦૨ ચો.મી. આરાધના પ્લેટીનમ વિભાગ-૨ ની રોડ અને સીસીપીની અવિભાજિત જમીનનો ભાગ, રે.સ.નં.૩૪૧, બ્લોક નં.૪૬૩, મોજે ગામ ઉમરાળ, તા.બારડોલી, સુરત ગુજરાત-૩૯૫૩૧૦ **ચતુઃસીમા : પૂર્વેઃ** લાગુ પ્લોટ નં.૯૧, **પશ્ચિમેઃ** લાગુ સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તરેઃ** લાગુ પ્લોટ નં. ૭૩, **દક્ષિણેઃ** લાગુ પ્લોટ નં.૯૫	Rs. 12,67,019.90/- (રૂપિયા બાર લાખ સડસઠ હજાર ઓગણીસ અને નેવું પૈસાપુરા)	INR 7,00,000 /- (રૂપિયા સાત લાખ પુરા)	INR 70,000/- (રૂપિયા સિત્તેર હજાર પુરા)	28-03-2025	27-03-2025 સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૪.૦૦ દરમિયાન	29-03-2025
3.	શરદ કેડા તાડે ,અનિતા શરદ તાડે અનેસચીન મણીભૂષણ તાડે	તમામ ખંડ કે અખંડિત ભાગની સ્થાવર મિલકત ખુલ્લો પ્લોટ નં. ૧૩, ક્ષેત્રફળ ૪૦.૧૮ ચો.મી.ની સાથે ૨૬.૨૫ ચો.મી. થથી રેસીડેન્સી-૪ની રોડ અને સીસીપીની અવિભાજિત જમીનનો ભાગ, રે.સ.નં.૮, બ્લોક નં.૧૪, કાસેલી, તા.પલસાણા, જિ.સુરત ગુજરાત-૩૯૪૩૧૫ **ચતુઃસીમાઃ પૂર્વેઃ** લાગુ પ્લોટ નં.૧૬, **પશ્ચિમેઃ** લાગુ સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તરેઃ** લાગુ પ્લોટ નં. ૧૪ , **દક્ષિણેઃ** લાગુ પ્લોટ નં.૧૨	Rs. 9,00,931.57/- (રૂપિયા નવ લાખ નવસો એકત્રીસ અને સત્તાવન પૈસા પુરા) ૧૧.૦૩.૨૦૨૪ સુધી	INR 4,75,000/- (રૂપિયા ચાર લાખ પંચોતેર હજાર પુરા)	INR 47,500/- (રૂપિયા સુડતાલીસ હજાર પાંચસો પુરા)	28-03-2025	27-03-2025 સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૪.૦૦ દરમિયાન	29-03-2025
4.	જિગ્નેશ ઈન્દુભાઈ પટેલ અને હિનાબેન જિગ્નેશભાઈ પટેલ	તમામ ખંડ કે અખંડિત ભાગની સ્થાવર મિલકત ફ્લેટ નં. ૪૦૩,ક્ષેત્રફળ ૫૯૩.૦૦ ચો.ફૂટ અથવા ૬૫.૮૮ ચો.વાર અથવા ૫૫.૦૯ ચો.મી. ચોથા માળે,ની સાથે સાંઈ પેલેસની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ વિશ્વનગર સોસાયટી પ્લોટ નં.૧૬૬,૧૬૭,૧૬૮,રે.સ.નં.૬૬/૨,૬૫/૧,બ્લોક નં.૮૨ મોજે છાપરા ભાઠા, તા.સુરત સીટી રજિ. જિ.અને પેટા જિ.સુરત, ગુજરાત-૩૯૫૧૦૭ **ચતુઃસીમાઃ ઉત્તરેઃ**લાગુ ફ્લેટ નં.૪૦૨, **દક્ષિણેઃ** લાગુ ફ્લેટ નં.૪૦૪, **પૂર્વેઃ** લાગુ મિલમાબાગ સોસાયટી, **પશ્ચિમેઃ** લાગુ ફ્લેટ નં.૪૦૬	Rs. 9,29,157/- (રૂપિયા નવ લાખ ઓગણત્રીસ હજાર એકસો સત્તાવન પુરા)	INR 8,53,760/- (રૂપિયા આઠ લાખ ત્રેપન હજાર સાતસો સાંઈઠ પુરા)	INR 85,376/- (રૂપિયા પંચ્યાંસી હજાર ત્રણસો છોતેર પુરા)	12-04-2025	11-04-2025 સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૪.૦૦ દરમિયાન	14-04-2025

વધુ જાણકારી માટે સલામત ધિરાણકાર આદિત્યબિરલાહાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ ની વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી છે : ઝત્ઉ(સળળઝ:?ભ્)https://homefinance.adityabirlacapital.com/properties-for-auction-under-sarfaesi-act or https://sarfaesi.auctiontiger.net

તારીખ : ૦૭-૦૩-૨૦૨૫ સ્થળ: સુરત

સહી/-અધિકૃત અધિકારી, આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ૮૦૨,નટરાજ રૂસ્તમજી,વેસ્ટર્ન એકસપ્રેસ હાઈવે અને સર એમ.વી.રોડ,અંધેરી (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૬૯

નવસારી બ્રાંચ : ૨૦૬, બીજા માળે, બિઝનેસ હબ, શિવાજી ચોક નજીક, વિજલપોર રેલવે ફાટક નજીક, એરૂ રોડ, નવસારી ૩૯૬૪૫૦ ગુજરાત

સુરત પરવત પાટીયા બ્રાંચ : દુકાન નં.૩૧૨ અને ૩૧૩, ટાઈમ્સ ગેલેરીયા, સારોલી ગામના ગેટ નજીક, કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટની સામે, કડોદરા-સુરત રોડ,સુરત -૩૯૫૦૧૦ (ગુજરાત)

સુરત બ્રાંચ : ઓફિસ નં.૨૦૯ અને ૨૧૦, બીજા માળે, યુનિવર્સલ બિઝનેસ સેન્ટર, મધુવન સર્કલ નજીક, એલ.પી.સવાણી રોડ, અડાજણ,સુરત -૩૯૫૦૦૯ (ગુજરાત)

વડોદરા બ્રાંચ : ઓફિસ નં.૪૦૪, ચોથા માળે, એટલાન્ટીસ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપની સામે, સારાભાઈ રોડ, વડોદરા ૩૯૦૦૦૧ ગુજરાત

ઈ-ઓકશન સેલ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨ ની સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓકશન સેલ નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર **આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમીટેડ** ના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલા દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે કબજે લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતોનું વેચાણ 'જયાં છે ત્યાં છે ધોરણે', જેમ છે જે છે ના ધોરણે' અને 'જે છે ત્યાં છે ના ધોરણે' જાણીતા અને અજાણ્યા બોજા સાથે કરવામાં આવશે.જેની વિગતો નીચે મુજબ છે :

અ. નં.	દેવાદાર(રો)/સહદેવાદાર(રો)/જામીનદાર(રો)	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂ.માં)	ઈએમડી (અનામત કિંમતના ૧૦ ટકા)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં.૩૯૪૧૦૦૦૦૦૩૩ / નવસારી બ્રાંચ) સંગિતાઆશિષ ઠક્કર (દેવાદાર) વિનિત આશિષ ઠક્કર અને આશિષ સુભાષભાઈ ઠક્કર (સહ દેવાદારો)	09-11-2024 & ₹ 18,50,611/-	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત નં.૮૦૩, આઠમા માળે, આશિ એલેક્ષા, ગ્રીડ રોડ, પ્લોટ નં.૨૦૬ અને ૨૦૭, ટીકા નં.૧૨૩, નવસારી, ગુજરાત -૩૯૬૪૪૫ **ચતુઃસીમાઃ** પૂર્વે : ફ્લેટ નં.૮૦૪, પશ્ચિમેઃ ફ્લેટ નં.૮૦૨, ઉત્તરેઃ ઓટીએસ , દક્ષિણેઃ પેસેજ	Rs. 20,00,000/-	Rs. 2,00,000/-	વાસ્તવિક
2	(લોન કોડ નં.૦૪૨૧૦૦૦૪૭૪/ સુરત